**Sandesh**

**EDII**

**November 02, 2021**
**Page No.07**
**Of Citylife**



# કસબીઓએ EDIIમાં તાલીમ મેળવી દિવાળી મેળામાં પ્રોડક્ટ એક્ઝિબિટ કરી રોજગારી મેળવી

**ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાંથી કળા સાથે જોડાયેલા કસબીઓને EDIIએ દિવાળી મેળામાં પ્લેટફોર્મ પૂરું પાડ્યું**

**સિટી લાઈફ** » ગુજરાતના કસબીઓને પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા 'હસ્તકલા સેતુ યોજના' ચલાવવામાં આવે છે. આ યોજના હેઠળ સિટી આંત્રપિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં પરંપરાગત શૈલીમાં વસ્તુઓ બનાવતા કસબીઓને તાલીમ આપવાનું અને તહેવારની સિઝનને ધ્યાનમાં રાખીને તેમની પ્રોડક્ટને સેલ કરવામાં મદદરૂપ થવાનું કામ EDIIને સોંપવામાં આવ્યું હતું. જે અંતર્ગત EDII દ્વારા સિટીના વસ્ત્રાપુર એરિયામાં આવેલા અમદાવાદ હાર્ટ ખાતે યોજાયેલા દિવાળી મેળામાં પોતાની યુનિક વસ્તુ સાથે સ્ટોલ લગાવ્યાં હતાં. જેમાં ઈડીઆઈઆઈએ ૩૩ જેટલા એક્ઝિબિશન સ્ટોલ્સ બનાવેલ હતા.

કારીગરોને વ્યવસાયમાં તેમજ પોતે તૈયાર કરેલ વસ્તુઓના માર્કેટિંગમાં મદદરૂપ થવાના આશયથી, તેમની બનાવેલી વસ્તુઓના વેચાણ માટે અમદાવાદ, બનાસકાંઠા, જૂનાગઢ, કચ્છ, સુરેન્દ્રનગર, પાટણ, નર્મદા અને વલસાડ જિલ્લાઓમાંથી કારીગરો આવ્યા હતા. આ પ્રોજેક્ટ દ્વારા સંસ્થાકીય ભાગીદારીને મજબૂત બનાવવા, જરૂરિયાત પ્રમાણેની ક્રેડિટ લીકેજ કરવા, બ્રાન્ડિંગ કરવા, ઈ માર્કેટ્સ સાથે મેન્ટરિંગ નેટવર્ક અને લીંક સ્થાપવા પર મહત્ત્વ આપે છે